# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com**

જા.નં. મા-૧/NMMS/૨૦૨૧/૧૪૩૬૭ તા.૧૬/૧૦/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
સુરત શહેર/ગ્રામ્યની તમામ સરકારી/ગ્રાન્ટેડ શાળાઓ તરફ

<u>વિષય:</u> NMMS અંતર્ગત NSP 2.0 પોર્ટલ પર ફ્રેશર અને રિન્યુઅલની દરખાસ્તની કામગીરી કરવા બાબત.

<u>સંદર્ભ:</u> સચિવશ્રી, રાજય પરિક્ષા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૧/૮૯૫૧-૯૦૬૬ તા.૨૯/૦૯/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચુકવણી લાભાર્થી વિદ્યાર્થીઓ ના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજયના NMMS યોજનાના વર્ષ-૨૦૨૧-૨૨ ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઓફીસર અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/શાસનાધિકારીશ્રીઓને સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રક્રીયા કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

આ વિદ્યાર્થીઓ હાલ સુરત જિલ્લાની અલગ અલગ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. આથી આ વિદ્યાર્થીઓની ઓનલાઈન એપ્લીકેશન ફ્રોર્મ ભરવાની પ્રક્રિયા આપની કક્ષાએથી <u>તા.૨૦/૧૦/૨૦૨૧</u> સુધીમાં કરવાની રહેશે. તેમજ ફ્રેશર અને રીન્યુઅલ વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીના મા-૧ શાખામાં જમા કરાવવાની રહેશે. આ બાબતે મહત્વ આપી સત્વરે કામગીરી પુર્ણ કરવાની રહેશે. જો કોઇ લાભાર્થી શિષ્યવૃત્તિ મેળવવામાં વંચિત રહી જશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે સંલગ્ન શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ-સુરત

<u>નકલ રવાના:-</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, દરિયા મહેલ, ચોક બજાર, સુરત.
- શાસનાધિકારીશ્રી, સંઘડીયાવાડ, ગોપીપુરા, સુરત.

૨/- શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ..